**શિક્ષણ**

શિક્ષણ એ સમાજની મૂળભૂત જરૂરિયાત છે. ગુજરાતમાં બાળકોને બાળમંદિરથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી શિક્ષાની દીક્ષા આપવા માટે રાજ્યના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર શિક્ષણનું સુદૃઢ માળખું વધુ સારી રીતે વિકસિત કરીને નવા આયામો સાથે લાખો બાળકોને તેમના સર્વાંગી વિકાસ માટે શિક્ષિત કરી રહી છે.

**પ્રાથમિક શિક્ષણ**

- રાજ્યની સરકારી અને અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં ખાસ કરીને 'મિશન સ્કુલ્સ ઓફ એક્સલન્સ' માં પસંદ થયેલ શાળાઓમાં ધોરણ દીઠ શિક્ષક ઉપલબ્ધ થઇ શકે તે હેતુથી ઉપલબ્ધ ખાલી જગ્યા ઉપર કરાર આધારિત 'જ્ઞાન સહાયક' મૂકવા માટેનો નિર્ણય કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ૧૫,૦૦૦ જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ. પ્રથમ તબક્કાને અંતે ૯૬૬૨ જ્ઞાન સહાયકોની નિમણૂક કરેલ છે બાકી રહેલ જગ્યા ભરવા માટેની બીજા તબક્કાની કાર્યવાહી પ્રગતિમાં છે.
- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦** અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ થી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાલવાટીકાનો ફરજિયાત સાર્વત્રિક અમલ શરુ કરવામાં આવેલ છે.જેમાં રાજ્યમાં કુલ ૫,૧૬,૬૨૧ વિદ્યાર્થીઓએ **બાલવાટિકામાં પ્રવેશ** મેળવેલ છે.
- રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં આચાર્યની ભરતી કેન્દ્રીયકૃત રીતે હાથ ધરી ૧૪૪૧ જેટલા આચાર્યોની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરેલ છે.
- વર્ષ ૨૦૨૩-૨૪ માં કુલ ૩૫૨૮ શાળાઓમાં ૧૫,૪૦૦ નવા વર્ગખંડોના બાંધકામ તથા ૨૪૦૩ શાળાઓમાં ૨૪,૭૭૯ વર્ગખંડોનાં રીપેરીંગ માટે રૂ. ૩૩૧૮.૬૨ કરોડના કામ હાથ ધરવામાં આવેલ છે.

**ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ**

**ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ ૨૦૨૩**

- રાજ્યની ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરતી જાહેર યુનિવર્સિટીઓમાં ગુણવત્તાયુક્ત વહીવટ, ઉમદા શિક્ષણ, સ્વાયતતા, લોકશાહી ધોરણે પૂરતું પ્રતિનિધિત્વ, સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં યુનિવર્સિટીઝની સહભાગિતા સુનિશ્ચિત થાય તે માટે અલગ-અલગ કાયદાઓ રદ કરી તા.૦૯.૧૦.૨૦૨૩ થી 'ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ-૨૦૨૩' નો અમલ કરવામાં આવ્યો છે.
- વિદ્યાર્થીઓના પ્રવેશ, પરિણામ અને રોજગાર(Enrolment To Employment) સુધીની સર્વ માહિતી મેળવવાના મુખ્ય ઉદ્દેશ્યથી ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓના પ્રવેશ સમયથી જ તેમના શિક્ષણ, જ્ઞાન અને કૌશલ્યનું પદ્ધતિસર ટ્રેકિંગ કરી શકાય, શિક્ષિત યુવાઓની રોજગાર ક્ષમતામાં વધારો થાય તેમજ યુવા ટેકનોક્રેટ્સ પણ તેમના પોતાના સાહસો સ્થાપે અને તેઓને તેમની સંપૂર્ણ ક્ષમતાનો ઉપયોગ કરવાની તક મળી રહે તે હેતુથી મારી સરકાર દ્વારા "Students' Academic Monitoring, All Round Review, Training and Hand Holding of Young Aspirants (SAMARTHYA)" (સામર્થ્ય સંસ્થાન)યોજના શરુ કરવામાં આવેલ છે.
- નવી શિક્ષણ નીતિ, ૨૦૨૦ અંતર્ગત વિદ્યાર્થીઓને જુદીજુદી યુનિવર્સીટીઓમાં પ્રવેશ માટે જુદીજુદી રજીસ્ટ્રેશન ફી ભરવી પડતી હતી વિદ્યાર્થીઓના આ ફીના ભારણને ઘટાડવા માટે અને અલગ અલગ યુનિવર્સિટીના પ્રવેશ ફોર્મ ભરવા ન પડે તે માટે સામર્થ્ય સંસ્થાન યોજના અંતર્ગત **"ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ પોર્ટલ-GCAS"** શરૂ કરવામાં આવેલ છે.

- **મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)** અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૭૨,૫૦૦ વિદ્યાર્થીઓને **રૂ.૩૭૫ કરોડની સહાય** ચુકવવામાં આવશે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૪,૬૦,૮૬૯ વિદ્યાર્થીઓને રૂ.૨૧૧૦.૬૭ કરોડની સહાય ચુકવવામાં આવી છે.
- **મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS)** અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન કુલ ૨૫૦૦ વિદ્યાર્થીઓને રૂ.૩૦ કરોડની સહાય ચુકવવામાં આવશે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૩,૨૦૨ વિદ્યાર્થીઓને રૂ.૧૦૨.૯૨ કરોડની સહાય ચુકવવામાં આવી છે.
- **મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના (MKKN)** અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં અત્યાર સુધીમાં કુલ ૧૮,૫૯૯ વિદ્યાર્થીનીઓને રૂ.૫૫૩.૨૩ કરોડની સહાય ચુકવવામાં આવી છે.
- **શોધ યોજના** – Scheme of Developing High quality research અંતર્ગત પી.એચ.ડી. કોર્ષમાં સંશોધન કરતાં વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન પ્રત્યે અભિમુખ કરવા માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આ યોજના હેઠળ અત્યાર સુધીમાં કુલ ૩૫૪૬ વિદ્યાર્થીઓને કુલ રૂ. ૭૫.૧૪ કરોડની સહાય ચુકવવામાં આવી છે.

**ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q)**

- મારી સરકાર શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ નવીનતમ પ્રયાસો હાથ ધરી રહી છે. રાજ્યના વિદ્યાર્થીઓ તેજસ્વી, પ્રતિભાશાળી અને જ્ઞાનસમૃદ્ધ બને તથા તમામ પ્રકારના જ્ઞાન સાથે સરકારે પ્રજાજનો માટે કરેલ કામગીરીથી માહિતગાર બને તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા ધો. ૯ થી ૧૨ તેમજ કૉલેજો અને યુનિવર્સિટીકક્ષાએ અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તેમજ ગુજરાતના તમામ પ્રજાજનો માટે 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ' (G3Q) શરૂ કરવામાં આવી છે. ગત વર્ષે ૨૫ લાખથી વધુ લોકો એ આ ક્વિઝ માં ભાગ લઈ લાખોના ઇનામો જીત્યા હતા. આ ભવ્ય સફળતાં બાદ ચાલુ વર્ષે 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ (G3Q 2.0) ની શરુઆત તા:૨૪/૧૨/૨૦૨૩થી માન. મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે કરવામા આવેલ છે. જેમાં સમગ્ર વર્ષ દરમ્યાન વિજેતાઓને રૂ.૨૫ કરોડ ની રકમ જેટલા ઇનામો તથા સ્ટડી ટુર પ્રાપ્ત થશે.

**સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પોલિસી (SSIP 2.0)**

- G20 સમિટ અંતર્ગત ગુજરાત નોલેજ સોસાયટી, શિક્ષણ વિભાગ દ્વારા SSIP ૨.૦ હેઠળ "ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોન ૨૦૨૩"નુ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સરકારી વિભાગો, જીલ્લા વિકાસ અધિકારીની ઓફિસો, કલેકટર ઓફિસો અને મ્યુનિસિપલ કોર્પોરેશન, PSUs તરફથી ૨૩૧ પ્રોબ્લેમ્સ સ્ટેટમેન્ટ મેળવેલ છે. આ હેકાથોન ૨૦૨૩માં ૨૦૬૨ ટીમોએ (૧૦૪૪૯ વિદ્યાર્થીઓ) રજીસ્ટ્રેશન, ૧૪૬૩ ટીમોએ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ સિલેક્શન કરેલ હતા. આ હેકથોનમાં ૧૦ સેક્ટરમાં વિજેતા થયેલ ૩૬ ટીમોને કુલ રૂ.૪૨ લાખના ઇનામો આપવામાં આવેલ.

**સ્ટાર્ટઅપ કોન્કલેવ-૨૦૨૩**

- વર્ષ-૨૦૨૩માં સ્ટાર્ટઅપ કોન્કલેવ તથા સ્ટાર્ટઅપ એક્ઝિબિશનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આશરે ૨૮૦ સ્ટોલ પર ઉદ્યોગ સહાસિકો દ્વારા રાખવામાં આવેલ વિવિધ ક્ષેત્રના સ્ટોલની આશરે ૩૦ હજારથી વધુ નાગિરકોએ મુલાકાત લીધેલ હતી.

ધીરે: ધીરે: ધીરે: ધીરે:

NOTES M T W T F S S DATE ___/___/___

માં અધ્યક્ષશ્રી... મા. રાજ્યપાલશ્રી દ્વારા આ વિધાન સભા ગૃહ માં આપેલ સંબોધન પર ચર્ચા માં ~~....~~ ભાગ આપવા બદલ ~~આપના~~ માં અધ્યક્ષશ્રી આપનો અને આ સભા ગૃહ નો હું હૃદય પૂર્વક આભાર વ્યક્ત કરું છું

મા. અધ્યક્ષશ્રી. ~~મા. રાજ્યપાલશ્રી દ્વારા~~ તા. ૦૧.૦૧.૧૨૧ ના રોજ આ પવિત્ર ગૃહ માં મા. રાજ્યપાલશ્રી દ્વારા ~~....~~ જે સંબોધન કરવામાં આવ્યું એ સંબોધન મુજબ અનવીય અને ગુજરાત ની ૬ કરોડ જનતા ને સદાય યાદ રહે એવું છે

માં અધ્યક્ષશ્રી ~~એ~~ આપણો મા. રાજ્યપાલશ્રી બહુજ વિદ્વાન છે. પ્રાકૃતિક ખેતી માં ખૂબજ ઊંડાણ પૂર્વક જ્ઞાન અને અનુભવ ધરાવે છે

મા. અધ્યક્ષશ્રી ~~મા~~ મા. રાજ્યપાલશ્રી દ્વારા થયેલ સંબોધન માં અનેક વિષયો ને આવરી લેવામાં આવ્યા ~~....~~ જેમાં નારી શક્તિ ના શરૂ કરી ખેતી વિશે

ગુજરાત વિશે

પશુપાલન વિશે

સહકાર વિશે

જળ એજ જીવન

ગરીબ કલ્યાણ યોજના વિશે જેવા અનેક વિષયો પર સારું પ્રકાશ પાડ્યું ~~અને~~ ~~આ સભા~~ ને જેમાં ^ વિરોધ પક્ષ માં શિક્ષણ વિષે નો મુજબ સારું એવો પ્રકાશ પાડ્યો